# પ્રકરણ-૧૮ (નિયમસંગ્રહ-૧૭) અન્ય ઉપયોગી માહિતી

## માહિતી (મેળવવાના) અધિકાર અધિનિયમ, ૨૦૦૫ હેઠળ માહિતી મેળવવા અંગેઃ-

**૧. અરજીપત્રક સંબંધે માહિતી**

અરજદારે સરકારશ્રીએ નકકી કરેલ ફોર્મ-ક (નિયત નમુના)માં અરજી કરવાની રહેશે. નમુનામાં નકકી થયેલ મુદ્દા પૈકી મોટા ભાગના મુદ્દાઓ અરજીમાં હોય તો આવી અરજી પણ લેવાની રહેશે. અરજદાર અશિક્ષિત હોય તો અરજી ભરવામાં પણ માહિતી અધિકારી કે મદદનીશ માહિતી અધિકારીએ મદદ કરવાની રહેશે.

**૨. ફી**

રૂા.૨૦/- (અરજી દીઠ)

**૩. માહિતી મેળવવા માટે અરજી કઇ રીતે કરવી તેની માહિતી**

મુદ્દા નં. ૧ મુજબ

**૪. માહિતી આપવાનો ઇન્કાર કરવામાં આવે તો કરવાની કાર્યવાહી**

માહિતી અધિકારીએ માગેલ માહિતી દિન-૩૦માં આપવાની રહેશે. કાયદાની કલમ-૮ અને ૯માં દર્શાવ્યા સિવાયની માહિતી માટે ના પાડી શકાશે નહીં.

માહિતી અધિકારીએ કોઇ પણ માહિતી ન આપવા માટે અરજદારને કારણો સહીત લેખિતમાં જાણ કરવાની રહેશે. તદુપરાંત અરજદારને કયા એપેલેટ અધિકારીને કેટલા દિવસમાં અપીલ થઇ શકશે તેની માહિતી આપવાની રહેશે.